# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-06-2026** **EVENING: 7.10 TO 7.20 PM**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે નિર્માણાધિન વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી.
2. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પર્યાવરણની સુરક્ષાને સરકાર અને નાગરિકોની સામૂહિક જવાબદારી ગણાવી
3. રાજ્યના કાયમી પોલીસ વડા તરીકે IPS અધિકારી જી.એસ.મલિકની નિમણૂક
4. અમદાવાદના વટવામાંથી 28 લાખ રૂપિયાના મૂલ્યની બનાવટી ચલણી નોટો જપ્ત કરાઇ
5. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે વરસાદની આગાહી
6. અમદાવાદમાં રમાઈ રહેલી વિશ્વ યોગાસન ચેમ્પિયનશીપમાં ભારતના રોહન તાયડેએ સુવર્ણ ચંદ્રક જીત્યો

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM DEVELOPMENT PROJECTS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે નિર્માણાધિન વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે સાબરમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટના ત્રણ તબક્કાના કામોનું સ્થળ નિરીક્ષણ કર્યું. દરમિયાન તેમણે કામગીરી સમયબદ્ધ અને ગુણવત્તાયુક્ત ધોરણે હાથ ધરાય તે અંગે સૂચન કર્યું.

શ્રી પટેલે ગાંધીનગર નજીક નિર્માણ પામી રહેલા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના નવા ભવનની કામગીરીની સ્થળ મુલાકાત લીધી. 100 એકર જમીન પર લેકાવાડામાં બની રહેલું GTUનું ભવન આગામી ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે.

# PARYAVARAN SHIBIR

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, પંચાયતો અને ઉદ્યોગોના નાણાકીય યોગદાનથી પર્યાવરણ માટે એક અલાયદું ભંડોળ ઉભું કરવા સૂચન કર્યું છે. ગાંધીનગર ખાતે બે દિવસીય "પર્યાવરણ કાર્યશિબિર-2026"ના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે,પર્યાવરણની સુરક્ષા એ સરકાર અને નાગરિકોની સામૂહિક જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે, માત્ર સરકારી નીતિ અને ટૅકનોલોજીથી પરિણામ પ્રાપ્ત નહીં થાય.

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-GPCBના સંયુક્ત ઉપક્રમે યોજાઇ રહેલી આ બે દિવસની કાર્યશિબિરમાં રાજ્યમાં પર્યાવરણીય પડકારો, નિયમનાત્મક સુધારા, સંસ્થાકીય ક્ષમતાવર્ધન તથા ભવિષ્યલક્ષી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા અને મંથન કરાશે.

# PANSHERIYA ACTION

નબળી ગુણવત્તા સામે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ કડક કાર્યવાહી કરી છે. અમરેલી જિલ્લાના ચમારડી ગામમાં પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામમાં ક્ષતિઓ અને ગુણવત્તાના ધોરણો અંગે થયેલી ફરિયાદને ધ્યાને લઈ તેમણે તાત્કાલિક પ્રાથમિક તપાસના આદેશ આપ્યા છે. આ મામલે જવાબદાર એન્જિનિયરને કારણદર્શક નોટિસ પણ પાઠવવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

**(બાઇટ : પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય રાજ્યમંત્રી)**

# DGP APPOINTMENT

IPS અધિકારી જી.એસ.મલિકને ગુજરાતનાં નવા પોલીસ વડા તરીકે નિયુક્ત કરાયા છે. શ્રી મલિક 1993ની બેચના ભારતીય પોલીસ સેવાના અધિકારી છે અને હાલ અમદાવાદના પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ BSFના IG તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે IPS અધિકારી વિકાસ સહાયની નિવૃતિ બાદ ડૉ.કે.એલ.એન રાવને ઇન્ચાર્જ પોલીસ વડા બનાવાયા હતા. ત્યારે રાજ્યના ગૃહ વિભાગે કાયમી વડા તરીકે શ્રી મલિકની નિમણૂક કરી છે.

# AHMEDABAD FAKE NOTE

અમદાવાદના વટવા વિસ્તારમાંથી 28 લાખ રૂપિયાના મૂલ્યની બનાવટી ચલણી નોટો મળી આવી છે. આ મામલે પોલીસ એક સગીર સહિત સાત આરોપીઓની ધરપકડ કરી છે. આ ટોળકી બનાવટી નોટો છાપવાનું કામ કરી રહી હોવાનું ઝોન 9 DCP મયુર પાટીલે જણાવ્યું.

**(બાઇટ : મયુર પાટીલ – DCP)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PANCHMAHAL FRAUD

પંચમહાલના હાલોલ તાલુકાના કંજરી ગામના એક વ્યક્તિએ સરકારી નોકરી અપાવવાના બહાને એક કરોડ 66 લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. પોલીસ તપાસમાં બે પી.એસ.આઈ., એક એસ.પી.ના પૂર્વ પી.એ. સહિત 30થી વધુ લોકો આ છેતરપિંડીમાં ફસાયા હોવાનુ સામે આવ્યુ હતું.

આરોપીએ પોતાને એફ.સી.આઈ.ના ડાયરેક્ટર તરીકે ઓળખાવી નોકરીની લાલચ આપી લાખો રૂપિયા પડાવ્યા હતા. રિમાન્ડ દરમિયાન પોલીસે બોગસ કોલ લેટર અને અન્ય મહત્વના પુરાવા જપ્ત કર્યા છે.

# MAHISAGAR PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે મહીસાગર જિલ્લામાં 21 જૂન સુધી વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરાશે. આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં જિલ્લા કલેક્ટર અર્પિત સાગરે આ 17 દિવસીય મહોત્સવની વિગતવાર રૂપરેખા આપી હતી.

## (બાઈટ : અર્પિત સાગર, ક્લેક્ટર)

# WEATHER

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાયકલોનિક સર્ક્યુલેશન અને પશ્ચિમી વિક્ષોભની અસરને કારણે આગામી સાત દિવસ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ રહી શકે છે. બીજી તરફ રાજ્યના મોટા ભાગના શહેરોમાં ગરમી પણ યથાવત્ છે. અમદાવાદમાં આજે રાજ્યનું સૌથી વધુ 41.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(બાઇટ : રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક)**

# WORLD YOGASANA SPORTS CHAMPIONSHIP

અમદાવાદમાં રમાઈ રહેલી વિશ્વ યોગાસન ચેમ્પિયનશીપ 2026માં ભારતના રોહન તાયડેએ આજે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તેમણે છોકરાઓની સબ જુનિયર આર્ટિસ્ટિક સિંગલ સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી છે. ચંદ્રક જીત્યા બાદ તેમણે ખુશી વ્યક્ત કરી.

## (બાઇટ : રોહન તાયડે)

વિશ્વકક્ષાની આ યોગાસન સ્પર્ધામાં ભારતે છ સુવર્ણ સહિત કુલ 7 ચંદ્રક જીત્યા છે. ગઇકાલે ભારતે  ભારતના સબ જુનિયર બોય્ઝ ટ્રેડિશનલ ગ્રૂપની ટીમે નેપાળને હરાવી સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે ભારતની જુનિયર ગર્લ્સ ટ્રેડિશનલ ગ્રૂપની ટીમે પણ નેપાળને હરાવી સુવર્ણ ચંદ્રક જીતવામાં સફળતા મેળવી.  મેડલ ટેબલમાં ભારતે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

# BHARUCH - GUJCON

ઇન્ડિયન એસોસિએશન ઓફ ઓક્યુપેશનલ હેલ્થ ભરૂચ અંકલેશ્વર શાખા દ્વારા બે દિવસીય ગુજકોન પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિષદ દરમિયાન આરોગ્ય અને સલામતી, કર્મચારીઓની સુખાકારી, માનસિક આરોગ્ય, વ્યવસાયજન્ય રોગોની અટકાયત તેમજ ઉદ્યોગોમાં ઊભા થતા નવા આરોગ્ય પડકારો જેવા વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પરિષદ ઉદ્યોગોમાં વધુ સુરક્ષિત અને સ્વસ્થ કાર્ય સંસ્કૃતિના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી આશા રખાઇ હતી.

# JAMNAGAR MOCKDRILL

જામનગરના સિક્કામાં આવેલ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ-**GSECL** ખાતે આજે ભૂકંપ અંગે મેગા મોકડ્રિલ યોજાઈ. આપત્તિ સમયે ત્વરિત અને અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવા માટે આ મોકડ્રિલનું આયોજન કરાયું.

તે અંતર્ગત સવારે 9 કલાકે ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવતા કારીગરોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જેમાં 11 લોકો ઇજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# GIRSOMATH RAKTPIT

ગીર સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય રક્તપિત્ત જાગૃતિ અભિયાન હેઠળ આરોગ્ય કર્મચારીઓ 174 વિસ્તારની મુલાકાત લેશે. 8 થી 18 જૂન સુધી લોકોને જાગૃત કરી કુષ્ઠરોગ એટલે કે રક્તપિતના દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાશે.

આ અંગે જિલ્લા ક્ષય અધિકારી ડો. શીતલ રામે જણાવ્યું હતું કે, આ અભિયાનનો મુખ્ય હેતુ કુષ્ઠરોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવી, રોગના લક્ષણોની વહેલી ઓળખ કરી સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવી તેમજ કુષ્ઠરોગ અંગેની ગેરમાન્યતાઓ અને ભેદભાવ દૂર કરવાનો છે.

# VAPI BADMINTON

વલસાડ જિલ્લાના વાપીની આર્ચી ઘેટિયા એ રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે બેડમિન્ટનમાં અંડર-17 ગર્લ્સ ડબલ્સ કેટેગરીમાં ઓલઈન્ડિયા રેન્કિંગમાં 13મો ક્રમાંક હાંસલ કર્યો છે.

માત્ર 17 વર્ષની વયે આર્ચી અંડર-17 કેટેગરીમાં પાંચ વખત ગર્લ્સ ડબલ્સ રાજ્ય ચેમ્પિયન, બે વખત મિક્સ્ડ ડબલ્સ રાજ્ય ચેમ્પિયન બની છે. ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓની સાથે સાથે અંડર-19 કેટેગરીમાં આર્ચીએ ઉત્તમ દેખાવ કરતાં ચાર વખત ગર્લ્સ ડબલ્સ રાજ્ય ચેમ્પિયન, મિક્સ્ડ ડબલ્સ રાજ્ય ચેમ્પિયન તથા વેસ્ટ ઝોન ગર્લ્સ ડબલ્સમાં તૃતીય સ્થાન મેળવ્યું છે.

# JUNAGADH ANIMAL

સિંહોમાં બેબીસિયા નામના રોગના લક્ષણ જોવા મળ્યા બાદ જુનાગઢ પશુપાલન વિભાગે ગાય અને ભેંસ જેવા પશુ પર ઇતરડી નાશક દવા છંટકાવની કામગીરી શરૂ કરી છે.

પશુપાલન અધિકારી દિલીપ પરમારના જણાવ્યા અનુસાર જંગલ આસપાસ અને ખાસ કરીને માલધારીના નેસડામાં રહેલ **3** હજાર **545** ગાય અને **6** હજાર **86** ભેંસ મળી કુલ **9** હજાર **631** માલઢોર પર આ દવાનો છંટકાવ કરીને તેમને આરોગ્યનું સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે.